(શરૂ-૦૫:૧૦, પુર્ણ-૦૫:૩૮)

**PAGE NO.7**

**સોગંદ આપ્યા.....**

ફરીયાદી દિગ્વીજયસિંહ જેઠુભા ઝાલાની આંક-૪ ની સરતપાસ લગત બચાવપક્ષે તરફે વધુ ઉલટ તપાસ વિ. વ.શ્રી કે.એન.કવૈયા.

(૧.૩) મે રજુ કરેલ અત્યાર સુધીના પુરાવા સીવાય આજરોજ વધારાનો કોઈ પુરાવો રજુ કરવા માગતો નથી. હું દીલીપભાઈ અરજણભાઈ હંસોરાને મારા સાક્ષી તરીકે જરૂર જણાયે રજુ રાખીશ. એ વાત ખરી નથી કે આ કામના આરોપીને વર્ષ ૨૦૧૭મા રૂપીયા પાંચ લાખની જરૂરીયાત ઉત્પન્ન થતા આ દીલીપભાઈ હંસોરા પાસે માગણી કરતા દીલીપભાઈએ હાર્દીકભાઈ કવૈયાના ખાતામાંથી તે રકમ આરોપીને આપેલ. એ વાત ખરી નથી કે આ હાર્દીકભાઈ વાળો વહેવાર આરોપી અને દીલીપભાઈ વચ્ચેનો હોય જેનુ નીયમીત વ્યાજ દીલીપભાઈએ મેળવેલ જે વ્યાજની રકમ કોરોના કાળમા આરોપી ચુકવી ન શકતા આરોપીએ ચુકવવાની રકમના વ્યાજ પેટેનો કેસ મારા નામે ચેક નાખી દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે મને કાયદાકીય પ્રક્રીયાનો અનુભવ હોય અને હું ઉચી ઓળખાણવાળો વ્યકતી હોઉ જેથી દીલીપભાઈએ આરોપી પાસેથી મેળવેલ અનેક ચેકો પૈકી એક ચેક મને આપતા તે ચેકનો ઉપયોગ કરી હાલનો ખોટો કેસ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે મારે આ કામના આરોપી સાથે કોઈ ડાયરેકટ વહેવાર ન હોય જેથી કાયદાકીય જ્ઞાન હોવા છતા મે આપેલ રકમનો કોઈ પુરાવો રજુ રાખી શકેલ નથી.

(૧.૪) એ વાત ખરી છે કે દિગ્વીજયસિંહ જેઠુભાઈ ઝાલા હું છુ પરંતુ કેસ નંબર મને યાદ નથી. મને એ વાતનો ખ્યાલ છે કે રે.દી.મુ.નં.૮૭/૨૦૦૯થી મનીષભાઈ ઘનશ્યામભાઈ પટેલ અને મારી વિરૂધ્ધ સુરસીંગભાઈ રામસીંગભાઈએ દાવો કરેલો. હાલ હુ કહી શકુ નહી કે તેનુ જજમેન્ટ પણ આવી ગયેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મને હાલ કેસની વિગતો યાદ નથી. એ વાત ખરી નથી કે મારા વિરૂધ્ધના કેસની હકીકતનો હું એટલે સ્વીકાર કરતો નથી કારણ કે તેમાની વિગત ધ્યાને લેતા આ કામના આરોપીનો મારી વિરૂધ્ધનો ઉચી પહોંચ અને કાયદાકીય જ્ઞાનનો આરોપ સાચો સાબીત થઈ જાય છે. એ વાત ખરી નથી કે એટલે પણ સ્વીકાર કરતો નથી કારણ કે કાયદાકીય પ્રક્રીયામા કાવાદાવા કરી લાભ મેળવવા મે પ્રયાસ કરેલ હોય, કેસ સ્પષ્ટ થઈ જાય.

સવાલ:- નીશાની ૬૦/૨ થી રજુ રાખેલ ચુકાદાવાળા કેસમા આરોપી તરીકે તમોને દર્શાવેલ છે?

જવાબ:- દિગ્વીજયસિંહ જેઠુભા ઝાલા હું છુ, કેસમા જે નામ દર્શાવેલ છે તે હું છુ, તેમા હું આરોપી તરીકે દોષીત થયેલ નથી.

એ વાત ખરી નથી કે આ કામના આરોપી હળવદ મુકામે આવી અને ચેક રીટર્નના કેસમા તેનો યોગ્ય બચાવ ન કરી શકે તે માટે હું રજુ દસ્તાવેજો સબબ જાણકારી હોવા છતા હું ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ દીલીપભાઈ હંસોરાને ઘણા કોરા ચેકો અને પરત રકમ ચુકવેલ હોય તેના પુરાવાઓ હોય જેથી આ દીલીપભાઈએ મારા નામનો ચેક નાખી ન મળવાપાત્ર રકમ મેળવવા માટે ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપી નીર્દોષ છે.

ફેર તપાસ નથી.

**સ્થળ:- હળવદ.**

**તારીખ:- ૦૩/૧૨/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.